# સાયબર ઠગબાજોની વાતોમાં આવી મૂડી ગુમાવતા લોકો

લોકો સાયબર ઠગબાજોની વાતમાં આવી છેતરાઈ રહ્યા છે. અને સાયબર ક્રાઈમનો ભોગ બની તેમની મૂડી ગુમાવી રહ્યા છે. જેથી સરકાર સાયબર ક્રાઈમથી બચવા માટે લોકોને જાગૃત કરી રહી છે. તે છતાં પણ સાયબર ઠગબાજો કોઈને કોઈ સ્કીમ આપી પોતાની લોભામણી લાલચમાં લોકોને ફસાવી રહ્યા છે. નવાઈની વાત એ છે કે લોકોમાં જાગૃતતા લાવવા છતાં લોકો સાયબર ઠગબાજોની વાતમાં આવી પોતાની મહેનતની મૂડી તેઓને આપી ગુમાવી રહ્યા છે.

## ફેસબુક પર જાહેરાત જોઇ કામદારો બોલાવવા જતાં કોન્ટ્રાક્ટર ભેરવાયો

**કેસ નં.1**

વલસાડ : વલસાડના કોન્ટ્રાક્ટરને સ્કીલ્ડ કામદારોની જરૂર હોય તેણે ફેસબુક પર જાહેરાત જોઇ કલકત્તાથી માણસો મંગાવવા કોન્ટ્રેક્ટ કર્યો હતો. તેમણે ગરીબ હોય, ટિકીટના પૈસા ન હોય એવી વાત કરી ટિકીટ, ચા નાસ્તો, ટીસીએ પકડ્યા તો દંડ આપવો પડશે એવું કહી 61,100 પડાવી લીધા હતા. ત્યારબાદ તેઓ આવ્યા જ ન હોય કોન્ટ્રાક્ટરને છેતરાયાની અનુભૂતિ થઇ હતી. અટગામનાસિવિલ કોન્ટ્રાક્ટર પ્રદિપ પટેલને કન્સ્ટ્રક્શનમાં મિસ્ત્રી, ફીટર, ફેબ્રિકેશનના વર્કરોની જરૂર હતી. જેના માટે તેમણે ફેસબુક પર જાહેરાત જોઇ કામદારોને બોલાવવા ફોન કર્યો હતો. તેઓ કલકત્તાથી વલસાડ આવવા તૈયાર થયા હતા. જોકે, આવવા માટે પૈસા જોઇશે કહી તેમણે પૈસા લેવાના શરૂ કર્યા હતા. તેમણે યુપીઆઇ આઇડી પર 61,100 જેટલી રકમ લઇ વલસાડ નહીં આવતા છેતરાયાનો અનુભવ થયો હતો. તેમણે આ સંદર્ભે રૂરલ પોલીસ મથકે ફરિયાદ કરતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## વાપીના વૃદ્ધ સાથે ક્રિપ્ટો કરન્સીમાં રોકાણના નામે રૂપિયા 83599 ની ઠગાઈ

**કેસ નં.3**

વાપી : વાપી જીઆઈડીસી વિસ્તારમાં રહેતા વૃદ્ધ સાથે ક્રિપ્ટો કરન્સીમાં રોકાણના નામે રૂપિયા 83,599ની ઠગાઇ કરવામાં આવી હતી. જે બાદ એજન્ટે તે રકમ પરત નહીં કરતા સાયબર ક્રાઇમ અને વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી જીઆઈડીસી, મોરારજી સર્કલ, પદ્માવતી એપાર્ટમેન્ટમાં માનસ રમાકાંત ત્રિપાઠી (ઉં.56) પરિવાર સાથે રહે છે. ગત તા.30-3-25 ના રોજ ટેલીગ્રામ આઈડી પર મેસેજ આવેલો હતો કે, તમારે ક્રીપ્ટો કરન્સીમાં રોકાણ કરવું હોય તો આપેલા મોબાઈલ નંબર સાથે એજન્ટનો સંપર્ક સાધવો. જેથી તેઓએ વર્ણવેલા નંબર પર સંપર્ક સાધ્યો હતો અને તેણે યુપીઆઈ આઈડી મોકલાવી હતી અને રૂપિયા 25,600 ટ્રાન્સફર કરેલા હતાં. ત્યારબાદ એજન્ટનો ફરી ફોન આવ્યો અને જણાવેલું કે રોકાણ કરેલું હતું તે લોશ ગયું છે જેથી બીજા રૂપિયા 57,999નું રોકાણ કરશો તો તમને રૂપિયા 1,28,000 મળશે તેમ જણાવ્યું હતું. જેથી તેણે તે રૂપિયા ટ્રાન્સફર કર્યા હતાં. જે બાદ ટેલીગ્રામ પર ફરી મેસેજ આવ્યો કે, રૂપિયા 25 હજારનું રોકાણ કરો તેમ કહેતા તેઓએ કોઈ રોકાણ કરવું નથી જેથી આપેલી રકમ રૂપિયા 83,599 પરત કરી દો કહેતા એજન્ટે રૂપિયા પરત નહીં કરી ઠગાઈ કરી હોવાનું જણાતા સાયબર ક્રાઈમના પોર્ટલ પર ફરિયાદ નોંધાવી હતી. જે બનાવ અંગે માનસ ત્રિપાઠીએ વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.



## સરીગામમાં મોબાઇલમાંથી ફોન પે એપ્લિકેશનનો પીન નંબર મેળવી રૂપિયા 61,168 ની છેતરપિંડી

**કેસ નં.2**

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સરીગામ ત્રણ રસ્તા ગોલ્ડન વર્લ્ડ એપાર્ટમેન્ટ ખાતે રહેતા ફરિયાદી શ્રવણકુમાર રામબાલક સાહુ સરીગામ સ્થિત એક કંપનીમાં ટેક્નિકલ મેનેજર તરીકે નોકરી કરે છે. કોઈ અજાણ્યા ઈસમે મોબાઈલ ફોનમાંથી ફોન પે એપ્લિકેશનનો કોઈક રીતે પીન નંબર મેળવી અથવા અન્ય કોઈક રીતે અલગ અલગ ઓનલાઇન ટ્રાન્જેશન કરી તેના એક્સિસ બેંકના એકાઉન્ટમાંથી રૂપિયા 61,178 ટ્રાન્સફર કરી ઉપાડી લઈ છેતરપિંડી કરી હતી. આ બનાવની ભિલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરની મેડીકલ કોલેજમાં એડમિશનના નામે 3.10 લાખની ઠગાઇ

**કેસ નં.4**

ઉમરગામ : જામનગરની એમ પી શાહ મેડિકલ કોલેજમાં એડમિશન અપાવવાનું કહી ઉમરગામ દહાડના પરિવાર સાથે રૂપિયા 3,10,000 ની ઠગાઈ કરવામાં આવી હોય આ બનાવ સંદર્ભે ગુનો દાખલ થયો છે. પ્રાપ્ત પોલીસ સુત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ઉમરગામના દહાડ ભાગ્યોદય સોસાયટીમાં રહેતા પવનકુમાર સિંઘના દીકરા કિશને NEET ની પરીક્ષા પાસ કર્યા બાદ સરકારી મેડિકલ કોલેજમાં એડમિશન માટે એજન્ટોના ફોન આવતા હતા. આ કામના તહોમતદાર મોબાઈલ નંબર ધારક 9870211446,748186112 તથા પ્રણવ વર્મા નામના શખ્સે એમપી શાહ કોલેજ જામનગરમાં એડમિશન કરાવી આપવાનું કહી ફરિયાદી પાસેથી રોકડા તથા ફોન પે મારફતે રૂપિયા ત્રણ લાખ દસ હજાર પડાવી લીધા હતા. એડમિશન લિસ્ટ આવતા કિશનને જામનગરની કોલેજમાં એડમિશન મળ્યું ન હતું અને દાહોદ ખાતે આવેલી મેડિકલ કોલેજમાં એડમિશન મળ્યુ હતું. આમ જામનગર એમપી શાહ મેડિકલ કોલેજમાં એડમિશન અપાવવાનું કહી પૈસા પડાવી ઠગાઈ કરનાર તહોમતદાર સામે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.


NATA
INTERIOR DESIGN ▪ NID
ENTRANCE Exam
PREPARATION
GAJENDRA MAJITHIA
91- 98251 47447


## વર્ક ફ્રોમ હોમ કરી રૂપિયા કમાવવાની લાલચમાં નવસારીની યુવતીએ 99 હજાર ગુમાવ્યા

**કેસ નં.5**

નવસારી : . જલાલપોર તાલુકાના દિપલા ગામે સાગર સ્ટ્રીટ ફળીયામાં રહેતી યુવતીને કોઈ અજાણ્યા ઇસમે ઈન્સ્ટાગ્રામ પર કોલ કરી વર્ક ફ્રોમ હોમ કરવાની ઓફર આપી હતી. જેથી તે યુવતીએ અજાણ્યા ઈસમને કામ બાબતે પુછતા તે ઇસમે વર્ક ફ્રોમ હોમમાં કસ્ટમર ભેગા કરવા માટે જણાવ્યું હતું. યુવતીને વિશ્વાસ આવે તે માટે તે અજાણ્યા ઇસમે ડીજીટલ પ્રેનેયોર ઓફીસીઅલ નામની ડીજીટલ આઈડી મોકલી હતી. જે આઈ.ડી. જોતા યુવતી તેની વાતમાં આવી ગઈ હતી. ત્યારબાદ અજાણ્યા ઇસમે યુવતીને સ્કેનર મોકલી નાની-નાની રકમ ટ્રાન્સફર કરવા માટે જણાવ્યું હતું. જેથી યુવતીએ નાની-નાની રકમ ટુકડે-ટુકડે મળી કુલ્લે 99 હજાર રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. જોકે યુવતીએ તે રકમ પરત માંગતા તે ઇસમે રકમ પરત ન કરતા છેતરપીંડી થઈ હોવાનું જણાયું હતું. આ બાબતે યુવતીએ મરોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા આગળની તપાસ પી.આઇ. ડી.જે. પટેલે હાથ ધરી છે.

# નેપાળથી પશ્ચિમ બંગાળની બોર્ડર ક્રોસ કરી ભારતમાં ઘૂસણખોરી કરતા બાંગ્લાદેશીઓ

**ગૃહ** વિભાગના આદેશ પછી પોલીસે ઉમરગામમાં ગેરકાયદે રહેતા 7 બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા

**ઉમરગામની** ગારમેન્ટ સહિત કંપનીઓમાં મજૂરી કામ કરતા બાંગ્લાદેશીઓ પકડાયા



ઉમેશ સોલંકી

### ઉમરગામમાંથી ડીટેઇન કરાયેલા બાંગ્લાદેશીઓ

ઉમરગામ તાલુકામાંથી ડીટેઇન કરાયેલા પકડાયેલા બાંગ્લાદેશી નાગરિકોમાં મોહમદ સુમાનઉદ્દીન ઉર્ફે સુમોન તજીબર મુન્ના (હાલ રહે ઉમરગામ ગાંધીવાડી), હીલાલ સોફી કુલ ખાન (ઉમરગામ ગાંધીવાડી), મસૂદ અબ્દુલ રહીમ (ઉમરગામ ન્યુઝ જીઆઇડીસી દેહરી), મુસરફ અસલમ (ન્યુ જીઆઇડીસી દેહરી), સાઈમ ઇલ્યાસ નુરલ ઇસ્લામ (રહે ઉમરગામ), માસુદ ખાન બુલબુલ રજબ અલી ખાન (ઉમરગામ દેવધામ), અને રાની બેગમ હકીમ અલી (ઉમરગામ ગાંધીવાડી)ની વધુ પૂછપરછ ઉમરગામ પોલીસે હાથ ધરી છે.

ઉમરગામ : જમ્મુ કાશ્મીરના પહલગામમાં પર્યટકો પર આતંકવાદી હુમલા બાદ ભારત સરકારે પાકિસ્તાનના તમામ નાગરિકોને દેશ છોડવાના આદેશ કર્યો છે. ગૃહ વિભાગના આદેશ પછી ગુજરાત પોલીસે પણ હરકતમાં આવી છે. અને વિવિધ ટીમો બનાવી તપાસ કરતા ઉમરગામમાં ગેરકાયદે રહેતા 7 બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા છે.

ભીલાડ, ઉમરગામ ઔદ્યોગિક વિસ્તારની આજુબાજુમાં રહેતા આશરે 300 થી વધુ શંકાસ્પદ ઈસમોની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. જેમાં ઉમરગામ ગાંધીવાડી તથા દેહરી અને ચાલી તથા ઝુપડપટ્ટીમાં રહેતા શંકાસ્પદ ઈસમોને રાઉન્ડ ઓફ કરી જરૂરી પૂછપરછ તેમજ ચકાસણી કરતા બાંગ્લાદેશના છ પુરુષ તથા એક મહિલા ગેરકાયદે વસવાટ કરતા હોવાની હકીકત જણાય આવેલી છે. ઉમરગામ વિસ્તારમાં મળી આવેલા બાંગ્લાદેશના નાગરિકોની પ્રાથમિક પૂછપરછ કરતા આ બાંગ્લાદેશી નાગરિકો પોતાના દેશમાંથી પ્રથમ નેપાળથી ભારત દેશમાં પશ્ચિમ બંગાળની બોર્ડરથી ભારત દેશમાં ઘૂસણખોરી કરેલી હતી. પકડાયેલા બાંગ્લાદેશીઓ ગેરકાયદે ઉમરગામમાં રહી ગારમેન્ટ સહિત કંપનીઓમાં મજૂરી કામ કરતા હતા. પકડાયેલા તમામ બાંગ્લાદેશીઓએ ભારતમાં કયા ચોક્કસ માર્ગેથી પ્રવેશ કરેલો તેમજ કોઈ દલાલની મદદથી બોર્ડર ક્રોસ કરેલી છે કે કેમ ? તે બાબતે હાલ પૂછપરછ કરવામાં આવી રહી છે.

# સાપુતારાની હોટલો, રેસ્ટોરન્ટ અને રિસોર્ટમાં કામ કરતા પરપ્રાંતિયોની સઘન પૂછપરછ

**ગેરકાયદે** ઘૂસણખોરી કરેલા અસામાજિક તત્વોને શોધી કાઢવાની પોલીસની કવાયત

**સાપુતારા** પોલીસની તપાસમાં કોઈ પણ અન્ય દેશનો શંકાસ્પદ ઇસમ મળી આવ્યો નહીં



ગીરીશ ભોયે

સાપુતારા : તાજેતરમાં જ જમ્મુ કાશ્મીરનાં પહલગામમાં આંતકવાદીઓનાં હુમલામાં બે વિદેશી પ્રવાસીઓ સહીત અન્ય 27 પ્રવાસીઓ માર્યા ગયા હતા. ત્યારે કેન્દ્ર સરકારે દેશભરનાં રાજ્યોમાં ગેરકાયદે ઘૂસણખોરી કરેલા અસામાજિક તત્વોને શોધી કાઢવાની કવાયત હાથ ધરી છે. જે અન્વયે ડાંગ જિલ્લાની પોલીસ પણ એલર્ટ મોડમાં દેખાઈ રહી છે. ગતરોજ ડાંગ જિલ્લાનાં સાપુતારા પોલીસે પરપ્રાંતિય ઇસમોનાં દસ્તાવેજોની સઘન ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં સાપુતારા પોલીસ સ્ટેશન ખાતે પરપ્રાંતિયોને બોલાવીને તેમના ઓળખપત્રો અને અન્ય જરૂરી દસ્તાવેજોની ખરાઈ કરવામાં આવી હતી. ડાંગ જિલ્લાનાં પોલીસ અધિક્ષક યશપાલ જગણીયા અને નાયબ પોલીસ અધિક્ષક એસ.જી.પાટીલના માર્ગદર્શન હેઠળ સાપુતારા પોલીસ મથકના પી.આઇ. આર.એસ.પટેલ અને તેમની ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. સાપુતારા પોલીસ મથકનાં પી.આઈ.આર.એસ. પટેલ દ્વારા સાપુતારાની તમામ હોટલો, રેસ્ટોરન્ટ, હોમ સ્ટે,રિસોર્ટમાં કામ કરતા તેમજ ઘોડાસવારી અને ઊંટ સવારી કે સાપુતારામાં અન્ય ધંધા સાથે જોડાયેલા પરપ્રાંતિય લોકોને બોલાવી તેમની પૂછપરછ કરી હતી. પોલીસ દ્વારા કરવામાં આવેલી આ વિસ્તૃત તપાસ દરમિયાન સાપુતારા ખાતે કોઈ પણ અન્ય દેશનો શંકાસ્પદ ઇસમ મળી આવ્યો નથી. પોલીસની આ કાર્યવાહીનો મુખ્ય હેતુ પ્રવાસન સ્થળ એવા સાપુતારા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાનો છે. આ સરપ્રાઈઝ ચેકિંગથી સ્થાનિક લોકો અને પર્યટકોમાં સુરક્ષાની ભાવના વધુ પ્રબળ બની હતી.

# સુબીરના નિશાણા ગામે સ્કૂલ કંપાઉન્ડમાં બનાવેલી ગેરકાયદે ચર્ચ દૂર કરવા માંગ

**ગરીબોને** લોભ લાલચ આપી ધર્મપરિવર્તન કરાતું હોવાના આક્ષેપ સાથે અગ્નિવીર હિન્દૂ સંગઠન કલેક્ટરને આવેદન પાઠવ્યું



ગીરીશ ભોયે

સાપુતારાઃ ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાના નિશાણા ગામે સરકારી પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં આવેલા ગેરકાયદે ચર્ચ દૂર કરવામાં આવે તેવી માંગ સાથે અગ્નિવીર હિન્દૂ સંગઠનનાં કાર્યકર્તા મહેન્દ્રસિંહ ગંગાસિંહ રાજપુરોહિત દ્વારા જિલ્લા કલેક્ટરને સંબોધતું આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ડાંગ જિલ્લામાં ગરીબ આદિવાસીઓને લોભ લાલચ આપી ધર્મ પરિવર્તન કરવાનું કાર્ય છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યું હોય તેવા આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેમાં જણાવ્યા અનુસાર, સુબીર તાલુકાના નિશાણા ગામના ખરદાડી ફળિયામાં પ્રાથમિક ગુજરાતી શાળાનાં કમ્પાઉન્ડમાં ગેરકાયદે ચર્ચ બનાવી ધર્મ પરિવર્તન કરાવતા હોવાની જાણ થતાં અગ્નિવીર હિન્દૂ સંગઠન સાથે તેઓ રૂબરૂ સ્થળ મુલાકાત લેવા પહોંચ્યા હતા. ત્યારે ત્યાં શાળાના પ્રવેશદ્વાર પર મસમોટું ગોડાઉન જેવું ચર્ચ બનાવેલું છે. જેનાંથી નાના આદિવાસી બાળકોને ચર્ચની આડમાં શિક્ષણના બદલે વટાળ પ્રવૃત્તિ કરવામાં આવતી હોવાની શંકા છે. જેથી સરકારી જગ્યામાં ચર્ચ દૂર કરી કસૂરવારો સામે શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

તદુપરાંત ખરદાંડી ફળીયામાં આવેલ પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં આવેલી ચર્ચ સત્વરે દૂર કરવામાં ન આવે તો ન છૂટકે ઉગ્ર આંદોલન કરવાની જરૂર પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. 100 ટકા આદિવાસી વસ્તી ધરાવતું ડાંગ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાનાં આડમાં ધર્મ પરિવર્તન કરાવતા તત્વોને જાહેર કરી તેમની સામે પણ પગલાં ભરવા માંગ કરવામાં આવી રહી છે.



# નવસારીની સોસાયટીના રહીશોનું સ્માર્ટ મીટરના વિરોધ સાથે ડીજીવીસીએલ કચેરીએ પ્રદર્શન

નવસારી : નવસારીમાં પણ સ્માર્ટ મીટરનો વિરોધ થઈ રહ્યો છે. આજે નવસારી કામધેનું સોસાયટીના રહીશોએ સ્માર્ટ મીટરના વિરોધમાં ડીજીવીસીએલ કચેરીએ પ્રદર્શન કર્યું છે. સાથે જ ડીજીવીસીએલ ગ્રાહકોને વિશ્વાસમાં લીધા વિના સ્માર્ટ લગાવી રહી હોવાના આક્ષેપો કર્યા છે.

નવસારી શહેરમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા શહેરમાં સ્માર્ટ મીટર લગાવવાના પ્રયત્નો હાથ ધર્યા છે. પરંતુ ઘણા વિસ્તારોના લોકો સ્માર્ટ મીટર લગાવવા સામે વિરોધ કરી રહ્યા છે. આજે નવસારી શાંતાદેવી વિસ્તારમાં આવેલી કામધેનું પાર્ક સોસાયટીના રહીશો ડીજીવીસીએલ કચેરીએ ગયા હતા. જ્યાં તેઓએ સ્માર્ટ મીટર લગાવવા સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. સાથે જ ડીજીવીસીએલ દ્વારા ગ્રાહકોને વિશ્વાસમાં લીધા જ વિના જ જુના મીટરો બદલી સ્માર્ટ લગાવી રહ્યા હોવાના કામધેનું સોસાયટીના રહીશોએ આક્ષેપો કર્યા હતા. જેથી સોસાયટીના રહીશોએ ડીજીવીસીએલના ઈજનેરને આવેદનપત્ર પાઠવી સ્માર્ટ મીટર નહીં લગાવવાની માંગ કરી છે.

## પ્રેમિકાને શું કામ હેરાન કરે છે કહેનાર વાપીના યુવાન પર ચપ્પુથી હુમલો

વાપીઃ વાપી જીઆઈડીસી વિસ્તારમાં આવેલા શો રૂમમાં પ્રેમિકાને સહકર્મી હેરાન કરતો હતો. પ્રેમી સહકર્મીને સમજાવવા ગયો તો તેણે તેને ચપ્પુ મારી દીધું હતું.

મૂળ યુપી અને હાલ વાપી ગીતાનગર, સનસાઈન ટાવરમાં અરવિંદ નેતાલાલ જયસ્વાલ (ઉં.26) પરિવાર સાથે રહે છે. તેને વાપીમાં રહેતી અને શો રૂમમાં કામ કરતી યુવતી સાથે પ્રેમ સંબંધ છે. તેમની પ્રેમિકા જે શો રૂમમાં કામ કરે છે તે જ શોરૂમમાં કામ કરતો સુમન અવધકિશોર પાંડે (રહે. ચંદનપુષ્પ હોલ, વાપી, મૂળ બિહાર) અવાર-નવાર ગમે તેમ વર્તન કરી ગાળો આપતો હતો. જે બાબતની ફરિયાદ યુવતીએ પ્રેમીને કરતાં રાત્રે દશ વાગ્યે શો રૂમ બંધ થવાના સમયે અરવિંદ ત્યાં પહોંચ્યો હતો. તેણે સુમન પાંડેને કહ્યું હતું કે, 'તું મારી પ્રેમિકાને શું કામ હેરાન કરી ગાળો આપે છે'? આટલું કહેતા જ સુમને તેને માર માર્યો હતો એટલું જ નહીં ચપ્પુ પણ મારી દઈ મારી નાંખવાની ધમકી આપી હતી. આ ઘટના સમયે આસપાસના લોકોએ દોડી આવી સુમનને પકડી લીધો હતો. ઈજાગ્રસ્ત અરવિંદને મોપેડ પર બેસાડી વાપી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે અરવિંદ જયસ્વાલે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં મારામારી અને ચપ્પુથી હુમલો કરનાર સુમન પાંડે સામે ફરિયાદ નોંધાવી હતી.



# વાપી નોટિફાઈડ અને સરીગામમાં તૈયાર થયેલા અન્ડર ગ્રાઉન્ડ કેબલિંગનું લોકાર્પણ

**વિસ્તારના** રહેણાંક, વાણિજ્ય, ઔદ્યોગિક વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર વીજ પુરવઠો મળશે: કનુભાઈ દેસાઈ

વાપીઃ વાપી નોટિફાઈડ અને સરીગામ જીઆઈડીસી ખાતે દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ., દ્વારા આસિસ્ટન્ટ ફોર ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના (એ.આઇ.આઇ.) યોજના અંતર્ગત ભારે દબાણ અને હળવા દબાણની વીજ લાઈનને અન્ડર ગ્રાઉન્ડ કેબલમાં રૂપાંતરિત કરવાની પૂર્ણ થયેલી કામગીરીનું નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસગે કનુભાઈએ જણાવ્યું હતું કે, દેશમાં વીજળીની પૂર્તતા આપવી, વીજળીની ક્વોલિટી અને વીજ બિલની વસૂલાતમાં ભારતમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની દેશમાં પ્રથમ ક્રમે આવી છે. કનુભાઈએ અધિકારીઓને અભિનંદન આપ્યા જણાવ્યું હતું કે, વાપી નોટિફાઈડ એરિયામાં રૂ.૧૧.૮૫ કરોડની ભારે દબાણની ૩૪ કિ.મી. અને હળવા દબાણની ૬.૦૮ કિ.મી. ઓવરહેડ વીજલાઈનને અન્ડર ગ્રાઉન્ડમાં કેબલિંગમાં રૂપાંતરિત કરવામાં આવી છે. જેનાથી ૧૦,૭૧૭ રહેણાંક, ૨૪૭૩ વાણિજ્ય અને ૫૨ ઔદ્યોગિક વીજ ગ્રાહકોને વીજ પુરવઠો મળશે. સરીગામ જીઆઈડીસી વિસ્તારમાં રૂ.૩૫ કરોડના ખર્ચે ભારે દબાણની ૧૩૩ કિ.મી. ઓવરહેડ વીજ લાઈનને અન્ડર ગ્રાઉન્ડ કેબલિંગમાં રૂપાંતર કરવામાં આવી છે. જેનાથી ૩૫૬ ઔદ્યોગિક અને ૧૮૨ ભારે દબાણના વીજ ગ્રાહકોને વીજપુરવઠો મળશે.

કાર્યક્રમમાં ડીજીવીસીએલના મુખ્ય ઈજનેર જે. એસ. કેદારીયાએ સ્વગત પ્રવચન કર્યું હતું. વી.આઇ.એ.ના પ્રમુખ સતીષ પટેલ, વાપી નોટિફાઈડ બોર્ડના ચેરમેન યોગેશ કાબરીયા, નોટિફાઈડના માજી પ્રમુખ હેંમત પટેલ, વી.આઇ.એ. માજી પ્રમુખ કમલેશ પટેલ, વી.આઇ.એ.ના એડવાઈઝરી બોર્ડના સભ્ય મિલન દેસાઇ, શિલ્પેશ દેસાઇ, નોટિફાઈડ ચીફ એન્જિનિયર ડી.બી. સગર અને નગરજનો હાજર રહ્યા હતા.

# ઉમરગામમાં 9 વર્ષ પહેલાંના મર્ડર કેસમાં ફરાર પ્રેમી આખરે ઝડપાયો

**પ્રેમી,** પત્ની અને સાસુએ ભેગા મળી મોતને ઘાટ ઉતારી યુવકની લાશ કૂવામાં ફેંકી દીધી હતી

ઉમરગામ, વાપીઃ વર્ષ 2016 માં ઉમરગામ પોલીસમાં નોંધાયેલા હત્યાના ગુનામાં પોલીસે પત્ની અને તેની માતાની ધરપકડ કરી હતી, જ્યારે હત્યામાં સામેલ પ્રેમી વોન્ટેડ હતો. જેને વલસાડ એલસીબીએ 9 વર્ષ બાદ ઝડપી પાડ્યો હતો.

તા.1-7-2016 ના રોજ અજાણ્યા ઈસમોએ દિનેશ રંગીલાલની હત્યા કરી કપડું બાંધી લાશને કૂવામાં ફેંકી દીધી હતી. પોલીસ તપાસમાં હત્યામાં સંડોવાયેલ પત્ની અને તેની માતાની અટક કરી હતી અને વધુ તપાસ કરતાં આ હત્યામાં સામેલ મહાદેવ પ્રસાદ ઉર્ફે રાજુ રામલોટન યાદવ (રહે., સેલવાસ, અથાલ, મૂળ યુપી) ફરાર હોય જેને વોન્ટેડ બતાવ્યો હતો.

જે દરમિયાન એલસીબી પોલીસની ટીમ વોન્ટેડ ઈસમોને ઝડપી પાડવા વર્કઆઉટમાં હતી ત્યારે મળેલી બાતમીના આધારે નવ વર્ષ પહેલાં થયેલી હત્યાના ગુનામાં વોન્ટેડ મહાદેવ પ્રસાદ (ઉં.આ.30, રહે., મોટી દહાડ, ઉમરગામ, મૂળ યુપી) ને ઉમરગામથી ઝડપી પાડી ઉમરગામ પોલીસ સ્ટેશને સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ પૂછપરછમાં નવ વર્ષ પહેલાં તેઓ સેલવાસ અથાલમાં રહેતો હતો અને ભીલોસા કંપનીમાં નોકરી કરતો હતો. તે દરમિયાન સંજાણમાં રહેતો ફોઈનો છોકરો દિનેશના ઘરે અવાર-નવાર જતો હતો. દરમિયાન દિનેશની પત્ની સાથે તેને પ્રેમસંબંધ થઈ ગયો હતો. જે બાદ દિનેશ તથા પત્ની વચ્ચે અવાર-નવાર ઝઘડાઓ થતાં હોય જેથી દિનેશની પત્ની તથા સાસુ અને મહાદેવે ભેગા મળી દિનેશને મારી નાંખવાનો પ્લાન બનાવી લાકડા તથા લોખંડના પાઈપ વડે તેને માર મારી હત્યા કરી હતી અને લાશને કૂવામાં નાંખી દીધી હતી.

## ભરઉનાળાની ઋતુમાં ગરમાળોનાં પીળા ફૂલોથી સાપુતારા બન્યુ સોનેરી



ગીરીશ ભોયે

સાપુતારા : હાલ ઉનાળાની ઋતુ પુરબહારમાં ચાલી રહી છે. ત્યારે ગિરિમથક સાપુતારાનાં માર્ગોની આસપાસ લગાવવામાં આવેલા ગરમાળાનાં વૃક્ષો પીળા રંગના ફૂલોથી લચી પડ્યા છે. આ ફૂલોની તેજસ્વી પીળી રંગની ચાદર જાણે પ્રકૃતિએ ઓઢી હોય તેવો અદભૂત નજારો સર્જાયો છે. તીવ્ર તાપમાન વચ્ચે આ ખીલેલા ફૂલો વાતાવરણમાં એક પ્રકારની શીતળતા અને આહલાદકતાનો અનુભવ કરાવી રહ્યા છે. ગિરિમથક સાપુતારાનાં રસ્તાઓ પર ગાડીમાં પસાર થતા પ્રવાસીઓ માટે આ ગરમાળાનાં વૃક્ષો એક વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પીળા ફૂલોથી ભરેલા વૃક્ષો જાણે તેમને આવકારી રહ્યા હોય તેવો આભાસ થાય છે. ગરમાળાનાં વૃક્ષો માત્ર સૌંદર્યની દૃષ્ટિએ જ નહીં પરંતુ ઔષધીય ગુણોના કારણે પણ મહત્વ ધરાવે છે. ગરમીના પ્રકોપ વચ્ચે સાપુતારામાં ગરમાળાનાં ફૂલો ખીલીને પ્રકૃતિપ્રેમીઓ માટે એક સુંદર અને શાંતિપૂર્ણ માહોલ ઊભો કરી રહ્યા છે. આ પીળા રંગની કુદરતી ભેટ ઉનાળાની ઋતુને ફરવા આવતા પ્રવાસીઓ માટે વધુ રંગીન અને યાદગાર બનાવી રહી છે.